શ્રી

રઘુવંશી નાટક સમાજ

વીર જસરાજ

:: પ્રયોજક ::

કવિ મોહનલાલ વિઠ્ઠલદાસ કારીઆ.

આવૃત્તિ પહેલી

કિંમત ચાર આના.

તુર્કી તથા બાલની ટોપીઓના
જથાબંધ વેપારી.

जरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराइट विभाग]
अनुक्रमांक २१८५७ किंमत ०-४०-
ग्रंथनाम વીર નરરાજ
वर्गांक ८ - : २-६

સોલ પ્રોપ્રાયટર—હરીદાસ માડણ ઠક્કર.

ઠે૦ પારસી ગલી, મીરઝા સ્ટ્રીટ, મુંબઇ ૩.

ઉપોદ્ઘાત.

ઇતિહાસ એ એક એવો આયનો છે કે તે જોવાથી ભૂતપૂર્વ થયેલા બનાવોનું તે દિગ્દર્શન કરાવે છે, અને પ્રજામાં તે વીરરસ પ્રગટાવનાર પારસમણિ છે.

સિંધ પ્રદેશનો પ્રાચીન ઇતિહાસ અપ્રકટ છે. પરંતુ સિંધના નૃપતિઓએ પોતાની ઝળકતી કાર્કિદીથી એ પ્રદેશની તવારીખને સુવર્ણાક્ષરોથી અંકિત કરી પોતાનાં શરીર યશઃશેષ બનાવ્યાં છે. એમની રસિક તવારીખ મેં "**સિંધના સીંહ**" નામક પ્રથમ વિભાગના મ્હારા ગ્રંથમાં આપી છે.

એ દેશમાં આજથી સુમારે સાતસો વર્ષ પૂર્વે તેરમા સૈકામાં થઇ ગયેલા દામાજી રાજાનો પુત્ર વીર જશરાજ રાજ્ય કરતો હતો. પોતે હિંગળાજ માતાનો અનન્ય અને અટલ ભક્ત હતો. એ સમયે સિંધમાં સરહદી લુટારાઓની ટોળીઓનો અનહદ ત્રાસ વર્તી રહયો હતો.

ઉત્તર હિંદમાં જે વીર બારક્ષત્રિયોનો ઝુમખો હતો તે માંહેલા લોહર વંશનો વીર જશરાજ રઘુવંશનો સૂર્યવંશી ક્ષત્રિય હતો. કેટલાક પ્રાચીન ઇતિહાસકોએ એ વીર જશરાજને જયચંદ રાઠોડનો સમકાલીન ગણેલો છે. પરંતુ તે માટે સબળ શંકા છે, અને અદ્યપર્યન્ત તેનો સમયકાલ નિર્ણીત થઇ શકયો નથી.

એ વીર જશરાજે પોતાના લગ્ન પ્રસંગે ગૌમાતનો થતો વધ અટકાવવામાં પોતાના પ્રાણની આહુતિ અર્પી વીર ક્ષત્રિય તરીકે પોતાની વીરતા બતાવી આપી છે, અને તેના શોકચિહ્ન તરીકે

અદ્યાપિ પણ ક્ષત્રિય જ્ઞાતિમાં લગ્ન પ્રસંગે શ્વેત વસ્ત્ર પરિધાન કરી, એ વીર દાદા જશરાજનું યથાવિધિ પૂજન થાય છે.

એ હિંગળાજ દેવીનો કેટલો પરચો હતો, તે સમયમાં તેની માન્યતા કેટલી પ્રચલિત હતી, ક્ષત્રિયોના પુરોહિત સરસ્વતી પુત્ર શ્રી. સિંધુશર્મા પોતાના યજમાનને નિડરપણે કેવી સહાયતા કરે છે, બહારવટીઓ પીરૂમલ પોતાનું બહારવટું છોડી દઇ, સદા સર્વદા સદાચારને પંથે વળતાં તેના જીવનનો કેવો પલટો થાય છે, પતિ પાછળ સતી થનારી વીર જશરાજની ધર્મપત્ની કપિલાદેવીનું સતીત્વ કેટલું આદર્શમય છે, તદુપરાંત અન્ય મુસલમીન પાત્રો જલાલુદ્દીન, ગુલશન વગેરે જે કાર્ય બજાવે છે તે પરથી જણાશે કે પૂર્વે પણ હિન્દુ મુસલમીનોની કેટલી ઐકયતા હતી, અને તે અદ્યાપિ પણ સુરક્ષિત રહે એવી ભાવભીની ભાવના કવિ મોહનલાલે યોજેલી છે.

એ નાટ્ય **કવિ મોહનલાલ વિઠ્ઠલદાસ કારિયાને** હું ઘણા વર્ષો થયાં ઓળખું છું. તેમણે પોતાના પ્રથમ પ્રયાસમાં "લોહીની લક્ષ્મી" નામક પ્રયોગ બહાર પાડયો. ત્યારબાદ બાર બાર વર્ષ પૂર્વે સને ૧૯૨૬ માં "આદર્શ ધર્મ"નો દ્વિતીય પ્રયોગ ભજવ્યો હતો. તે જેટલો આદર્શ નીવડયો તે કરતાં પણ આ વીર જશરાજનો ખેલ વિશેષ આદર્શ, આકર્ષક, અને ગૌરવાન્વિત હોવાથી લોકપ્રિય થઇ પડશે. તેની અંદર આવતા પાત્રોની સુંદર રચના તથા તાદૃશ્ય ચિતારથી પ્રેક્ષકોના મગજ ઉપર એ દૃશ્ય જોયા પછી સારી અસર થયા વિના રહેશે નહિ, અને અને આ તે તેમના તૃતીય સાહસમાં તેમને સંપૂર્ણ ફત્તેહ ળળશે. તેમની સાથે તેમના સ્નેહિબંધુ **મી. ચુનીલાલ એન. જાની** પણ નાટયપ્રયોગમાં તેટલાજ ઉમંગી

છે. કવિ મોહનલાલે રઘુવંશી નાટક સમાજ સ્થાપી છે, અને તેને અંગે આ ખેલ ટુંક સમયમાં મુંબઇની પ્રજા સમક્ષ રજુ કરનાર છે.

સીનેમાના સીનો જોવાથી મનુષ્ય જીવન પર જે માઠી અસર થાય છે તે આવા આદર્શ નાટકો પ્રેક્ષવાથી થતી નથી, બલ્કે મનુષ્ય-જીવન પર સારા સંસ્કાર પડે છે.

પ્રજાને ચરણે ઇતિહાસના આવાં સુવાસિક સુમનો અર્પવાનો મી. મોહનલાલનો પ્રયાસ ખરેખર સ્તુત્ય છે, અને આ ખેલ જોયા પછી પ્રેક્ષકો તેમની યોગ્ય કદર કર્યા વગર રહેશે નહિ એવી મ્હારી ખાત્રી છે.

સદ્ભક્તિપ્રદીપ, સુનીતિ ભાસ્કર, રાવસાહેબ,

મગનલાલ દલપતરામ ખખ્ખર, જે. પી.

મુંબઇના સુ. ઑન. પ્રેસી. મેજીસ્ટ્રેટ.

સુંદર સોદાગર, ગુજરાતી શાકુંતલ નાટક, તીર્થયાત્રા વર્ણન જગદ્ગુરુચરિત્ર, સિંધના સિંહ વગેરે પુસ્તકોના કર્તા.

સં. ૧૯૯૫ના કાર્તિક શુકલા
વૈકુંઠ ચતુર્દશી.
તા. ૬-૧૧-૩૭ મુંબઇ.
મગનબાગ.

પ્રવેશિકા.

વીર જશરાજની યશ–ગાથા ભારતના પ્રત્યેક પ્રાન્તમાં, પ્રત્યેક પ્રાન્તિક ભાષામાં, જુદા જુદા સ્વરૂપમાં ભિન્ન ભિન્ન પ્રકારે મળે છે, વાર્તાનાં સ્થળ જુદાં હોય, પાત્ર ભિન્ન હોય, સ્થાનિક રંગથી રંગાયેલા હોય, પણ વસ્તુ એકજ છે. ગામને પાદરેથી ગામની ગાયો લુંટારા હાંકી જાય તેને મિંઢળ બાંધેલો ચોરીમાં બેઠેલો વીર કિશોર લુંટારાને મારી ગાયો પાછી વાળે પણ તેમ કરતાં પોતે કામ આવી જાય, એ મૂળ મુદ્દામાં કોઇપણ પ્રાન્તમાં ભેદ નથી.

શ્રીયુત ભાઇ રાયચુરા "વીરા વાછડી" નો અદ્દ્ભુત રાસ ગાય છે. તેમાં તથા અન્ય પ્રાન્તોના સાહિત્યમાંથી આ વાત જુદી જુદી રીતે ગવાય છે. જ્યાં જ્યાં હિન્દુઓ છે, જ્યાં જ્યાં ભારત ધર્મ છે, જ્યાં જ્યાં ગૌરક્ષા છે ત્યાં ત્યાં આ ગાથા ગવાય છે.

વીર જશરાજનું નામ મેં બહુ નાની ઉમરમાં સાંભળેલું. દેશમાં લગ્ન પ્રસંગે સમૂરતાં થાય તે દિવસે બૈરાં છોકરાં વર કન્યાને ઘેર ભેગાં થાય, કંદોઇ આવે, લોટ, ઘી, ગોળ શેકે. અને સમુરતાંનાં લાડુ બનાવે તે પહેલાં વરને કે કન્યાને સાંગા માંચી પર બેસાડે, ખોળામાં ચાદર પાથરી તેમાં એ શેકેલો લોટ નાંખે અને છોકરાં જ્યારે ખોળામાંથી એ ભૂકો ખાવા લાગે ત્યારે બૈરાં બોલે કે "જશરાજનાં ઘોડાં હણહણે છે." આ વીર જશરાજનો મારો પ્રથમ પરિચય !

લગ્નને દિવસે લગ્નમંડપમાં વરરાજા પોંખાઇને આવે એટલે ગોર મહારાજ વરરાજાની મંગલ પાઘડી ઉતારી લ્યે અને તેને બદલે માથાપર સફેદ નવું ફાળીઉં બાંધે, ઉપર કુમકુમ છાંટે, એટલે

શોકની પાઘડી પ્હેરાવે; એ શોક કોનાં સ્મરણમાં, વીર જશરાજનાં! આ બીજો પરિચય.

ત્યારબાદ મેં પૃથ્વીરાજ રાસો ગુજરાતીમાં વાંચ્યો. એમાં વીર જશરાજની આખી વાત રસપૂર્ણ રીતે આપવામાં આવેલી છે, અને તે પણ કવિ ચંદની બાનીમાં!

ભાઇ મોહનલાલ વિઠ્ઠલદાસ કારીઆ મારા જ્ઞાતિબંધુ છે, કવિ છે. એમણે ઘણાં ભજવી શકાય એવાં નાટકો લખ્યાં છે. વીર જશરાજનું એમનું નાટક મને વંચાવ્યું. એમણે જશરાજની વાર્તાનો સિંધી સ્વરૂપ ઉપર આધાર રાખ્યો છે, અને સાથે સાથે વસ્તુ ગુંથણી સુંદર કલ્પનાથી કરી છે, એમને પૃથ્વીરાજ રાસાની વાત ધ્યાનમાં ન હતી.

અમારે ઘણી ઘણી વાતો થઇ. તેમાં એક વાત નીકળી કે વીર જશરાજની વીરપૂજા હજી લોહાણામાં થાય છે. એ પૂજા બીજી જ્ઞાતિઓમાં નથી! હશે તો જેના ગોર સારસ્વતો છે એવી જ્ઞાતિઓમાં હશે.

સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે "લવના લવાણા" આ વાત મને ભ્રમસૂચક લાગે છે. ઇતિહાસ કે સાહિત્યમાં સંસ્કૃતમાં કોઇ પણ ગ્રંથમાં લોહાણા કે લવાણા શબ્દ નથી. પ્રાકૃત ગ્રંથોમાં સિંધમાં "ચચ્ચનામું" અને ભાષામાં "પૃથ્વીરાજ રાસો"માં એ શબ્દનો પ્રથમ પ્રયોગ છે અને ત્યાં "લવાણા" નહિ પણ "લોહાણા" શબ્દ છે!

વિશેષ જ્ઞાતિઓ ત્રણ જાતની હોય છે. ધંધાદારી, એકવંશીય, બહુવંશીય; સોની, સૂથાર, લુહાર એ પ્રથમ પંક્તિની; જાડેજા, ઝાલા, ગોહેલ, ચૂડસમા એ બીજી પંક્તિની અને ભાટીઆ, લોહાણા, ખત્રી,

બ્રહ્મક્ષત્રિય, સારસ્વત એ ત્રીજી પંક્તિની લોહાણામાં ૧૦૮ નુખ એટલે ગોત્ર એટલે મૂળ પુરૂષ છે. લોહાણાનાં ગોત્રો લવથી આદિ-કાળનાં છે. બહુ ગોત્રી હોવાથી લોહાણો લોહાણી પરણી શકે છે. નાગર નાગરાણી પરણી શકે છે. એક વંશીય હોય તો સગોત્રમાં લગ્ન થઇ શકે નહિ. એક વંશીય જ્ઞાતિઓ આજે પણ પોતાને જોઇતી કન્યાઓ બીજી જ્ઞાતિઓમાંથી લાવે છે અને આપે છે ! એટલે "લોહાણા" એ "લવાણા" ન હોઇ શકે.

વીર જશરાજ લોહાણો હતો એ નિર્વિવાદ છે અને તેથીજ લોહાણાઓને એ નાટક બહુ ગમશે એવી મારી ખાત્રી છે. પણ વાર્તા એવી રસપૂર્ણ છે કે તે સૌને વીર બનાવી શકે. એમાં જ્ઞાતિનો સવાલ નથી. વીરતાનો ઇજારો કોઇનો આવી શકે નહિ ! કવિ મોહનલાલે આ કથાને અર્વાચીન સ્વરૂપ આપ્યું તે માટે એમને અભિનંદન !

વૃન્દાવન
એજન્ટ સ્ટ્રીટ
સાંતાક્રુઝ,
કાર્તિક ૧૯૩૫

માવજી ગોવીંદજી શેઠ.

ભૂમિકા.

લેખક:–અલંકાર ભૂષણ, વ્યાખ્યાન વાચસ્પતિ, દૈવજ્ઞવિશારદ, જ્યોતિષરત્ન
પંડિત ધનંજય મુરારિ પાંધી (વાલકેશ્વર–બાણગંગા.)

લોહાણા જ્ઞાતિના ઇતિહાસ માટે આજ દિવસ સુધી ઘણા પ્રયત્નો થયા છે તેમાં "લોહાણા બાંવઢા" એ હીરાલાલ ગણાત્રાનો નિબંધ તથા "રઘુવંશી રત્નાકર" એ નામનો પંડિત દયારામ ખટાઉએ કરેલો તેનો પ્રતિવાદ, ઇત્યાદિનો પણ સમાવેશ થઇ જાય છે. સત્ય કદિ પણ છુપું રહેતું નથી. લોહાણા જ્ઞાતિ, સૂર્યવંશમાં અવતરેલા મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રી રામચન્દ્રના પુત્ર લવકુમારના વંશમાંથી ઉતરી આવેલી શુદ્ધ સૂર્યવંશી અને ક્ષત્રિય પ્રજા છે. એ ઘણાં ઐતિહાસિક પ્રમાણોથી સિદ્ધ થઇ ચુકયું છે. તે વાતની વિશેષ સાબીતી આપવા માટે આ સ્થલ ઉચિત નથી. પરંતુ લોહાણા જ્ઞાતિ પોતાને રઘુવંશી કહેવડાવે છે. (૧) તેમજ તેનાં લગ્ન પ્રસંગમાં વરરાજાએ લગ્ન સમયે સફેદ પાઘડી ધારણ કરવી પડે છે. (૨) તેનાં કારણો શું હોઇ શકે? એ પ્રશ્નો દરેક લોહાણા હૃદયમાં ઉપસ્થિત થાય છે.

એ પ્રશ્નોના સમાધાન માટે મુંબઇ વસતા કવિશ્રી મોહનલાલ વિઠ્ઠલદાસ કારીઆએ ભારે પરિશ્રમ ઉઠાવ્યો છે, ભાટના ચોપડાઓ તથા ઐતિહાસિક પ્રમાણોથી સિદ્ધ થયેલી વસ્તુને એક સુંદર નાટ્ય પ્રયોગદ્વારા રજુ કરવાનો તેમણે પ્રયાસ કર્યો છે. લોહાણા જ્ઞાતિના એક વીર પૂર્વજ નામે જશરાજ ઇ. સ. ના બારમા સૈકામાં સિંધમાં થઇ ગયા છે. તેમણે લગ્ન પ્રસંગ જેવા જીવનના અગત્યના પ્રસંગે

પોતાના ક્ષાત્રધર્મની જગતને પ્રતીતિ કરાવી, "ગૌબ્રાહ્મણ પ્રતિપાલ" ક્ષત્રિયોની ઉપમાને સાર્થક્ય કરી, અર્થાત્ સરહદના લુંટારા સરદારો સામે, ગાયોની રક્ષા માટે પોતાના પ્રિય પ્રાણની આહુતિ આપી હતી. પીઠી ચોળેલા અંગે, મીંઢળ બાંધેલા હસ્તે, યૌવન અને જીવનની મહાભિલાષાઓના મહાપૂરને, પોતાના ક્ષાત્રધર્મ રૂપી સમુદ્રમાં વહેવડાવી દીધું, એ વીર ક્ષત્રિય તથા પોતાના પૂર્વજની અપૂર્વ વીરતા અને ક્ષાત્રધર્મને માન આપવા માટે તથા વખત આવે, તો પોતે પણ વીર જશરાજની માફક કર્તવ્ય પાલન માટે પોતાના પ્રાણની આહુતિ આપવા પાછો પડશે નહિ એમ બતાવી આપવા માટે લગ્ન પ્રસંગે વરરાજાએ સફેદ પાઘડી પહેરવાનો રિવાજ લોહાણા જ્ઞાતિમાં પ્રચલિત થયો છે.

ઉપરોક્ત ઐતિહાસિક ઘટના તથા રિવાજના મૂળ તત્ત્વને અનુલક્ષીને, લોહાણા જ્ઞાતિના સુપુત્ર કવિશ્રીએ "વીર જસરાજ" નામનું ત્રિઅંકી નાટક તૈયાર કર્યું છે, અને એ નાટકની ભૂમિકા લખવા મને નિમંત્રણ આપ્યું. એક સારસ્વત તરીકે લોહાણા જ્ઞાતિ સાથેના અમારા સંબંધ માટે હું ગૌરવ ધરાવું છું. અને લોહાણા જ્ઞાતિનાજ એક અગ્રગણ્ય વીર પૂર્વજનાં ગુણગાન ગાવાના એક સાચા હૃદયના પ્રયાસમાં બની શકતી સહાનુભુતિ આપવા માટે તત્પર રહેવું, તે દરેકની ફરજ છે, તેથી મહાન્ હર્ષ સાથે મેં તેમનું નિમંત્રણ સ્વીકાર્યું.

લવના વંશમાં જન્મેલા લોહાણા પોતાને "રઘુવંશી" લખે છે અને "રઘુવંશી" કહેવડાવવામાં ગૌરવ માને છે, ભગવાન્ શ્રી રામચન્દ્ર પણ "રઘુકુલ તિલક" કહેવાય છે, સૂર્યવંશમાં અવતરેલી પ્રજા પોતાને સૂર્યવંશીને બદલે "રઘુવંશી"

આ માટે કહેવડાવે છે, તેમાં કંઇક વિશેષ ગૌરવ હોવું જોઇએ, એમ સહેજે અનુમાન થાય છે, અહીં તેનાં કારણોની આછી મીમાંસાથી એ પ્રશ્નનુ સમાધાન તેમજ આ નાટકની ભૂમિકાની પણ તેમાંજ સંગતિ થઇ જશે.

ભગવાન્ શ્રી સૂર્યનારાયણ, મહાપ્રતાપી દેવ સ્થાવર અને જંગમ, દરેકના આત્મા, પરમાત્માની દિવ્યવિભૂતિ તથા આદ્ય ક્ષાત્રવંશના પ્રવર્ત્તક છે. પુરાણોમાં તેમનું નામ **વિવસ્વત્ છે,** તેમના વૈવસ્વત નામના પુત્ર અને એ વૈવસ્વત મનુને ઇક્ષ્વાકુ નામે પુત્ર હતા, સમયના વહેવા સાથે એ સૂર્યવંશમાં ઘણા પ્રતાપી રાજાઓ થતા આવ્યા, તે પરંપરામાં સગર નામના રાજાને અસમંજસ, તેના અંશુમાન્ અને તેને ભગીરથ નામના પુત્ર થયા હતા, જેમણે પોતાના દિવ્યતપ તથા દૃઢ આત્મબળથી ભગવતી ગંગાને સ્વર્ગથી પૃથ્વીપર ઉતાર્યાં હતાં.

એ પરંપરામાં દિલીપ નામે રાજા થયા હતા, એ દિલીપ રાજાને મોટી વય થતાં સુધી પણ કંઇ સંતતિ થઇ ન હતી, તેથી પોતાને સંતતિ નહિ થવા માટે ભૂતકાળનું પોતાનું એવું કયું પ્રાયશ્ચિત્ત કે પાપ હશે, તે જાણવાની ઇચ્છાથી ત્રિકાલદર્શી બ્રહ્મર્ષિ વશિષ્ઠ નામના પોતાના કુલ પુરોહિત ઋષિના આશ્રમમાં પોતાની સ્ત્રી સુદક્ષિણા સાથે ગયા હતા. વશિષ્ઠ ઋષિએ સંતાન પ્રતિબંધક કારણ શું છે. તે સમાધિવડે જાણી રાજાને કહ્યું કે "રાજન્! એક વખતે દેવોને યુદ્ધમાં મદદ કરીને તું સ્વર્ગથી પૃથ્વી પર આવતો હતો, તે વખતે સુદક્ષિણાને ઋતુકાળ હોવાથી ઉતાવળથી જતાં રસ્તામાં બેઠેલી દેવોની કામધેનુ ભગવતી સુરભિ તરફ તારૂં લક્ષ્ય ગયું નહિ અને તેં તેને પ્રણામાદિ સત્કાર કર્યો નહિ, તેથી ક્રોધ પામીને

તે ગાયે શાપ આપ્યો કે મારી સંતતિને પ્રસન્ન કર્યા સિવાય આ રાજાને કંઇ પણ સંતાન થશે નહિ તેથી હવે તેની આ પુત્રી નંદિની નામે ગાય જે મ્હારા આશ્રમમાં છે, તેની સેવા કરી તેની પ્રસન્નતા વડે તારા સર્વ મનોરથોની સિદ્ધિ કર."

સજ્જનો ! આ કંઇ અર્થવાદ અર્થાત્ ગપગોળા નથી, પરંતુ ગાયો જે સર્વદેવમય, સર્વના આધારભૂત અને સર્વના કલ્યાણ સ્વરૂપ છે. "गावः प्रतिष्ठा भूतानाम्" તેમનું ભૂત-કાલમાં કેટલું બધું સન્માન થતું હતું, તે સિદ્ધ કરતી એક ઐતિ-હાસિક ઘટના છે. ગાયોની પૂજા, ગાયોના મહત્ત્વ અને ગૌરવની રક્ષાથીજ ભારતવર્ષ સમસ્ત વિશ્વના શિરોમણિ તરીકે રહ્યો હતો; એ ગૌસેવા, ગૌરક્ષા અને ગૌપાલનની આપણી ભાવના શિથિલ થતાં આજની નિર્માલ્ય અને પરતંત્ર દશા આપણે પ્રત્યક્ષ અનુભવીએ છીએ.

ગુરુ વશિષ્ઠની આજ્ઞાથી દિલીપ રાજા, તે ગાયની સેવા કરવા લાગ્યા, સવારથી સાંજ સુધી ગાયની સાથે પોતે પણ વનમાં જઇ, અનન્ય પ્રેમથી ગૌસેવા કરવા લાગ્યા. સર્વકામ દુધા ભગવતી નંદિનીએ ૨૧ દિવસ પછી, દિલીપ રાજાની ભાવનાની પરીક્ષા કરવાનો વિચાર કર્યો. હિમાલય પર્વતની ગુફામાં પોતે ઘણી દૂર ચાલી ગઇ અને પોતાની ઉપર જાણે કે ગાયનો શિકાર કરવા માટે સિંહ ઉભેલો છે, એવું દ્રશ્ય માયાથી ઉપસ્થિત કર્યું, દિલીપ રાજા આ દ્રશ્ય જોઇ ગભરાઇ ગયા નહિ, પરંતુ સિંહને મારવા માટે, ધનુષ્યમાંથી બાણ ફેંકવા પ્રયાસ કર્યો, બાણ લેવા માટે પછવાડે બાંધેલા ભાથા તરફ ગયેલો તેમનો હાથ, ત્યાં જ જડ થઇ ગયો, પોતાની શકિત આમ નિષ્ફળ થતી જોઇ, દિલીપે સિંહની પ્રાર્થના કરી, ગાયને બદલે પોતાનુંજ બલિદાન સ્વીકારવા માટે બહુ આજીજી કરી, પરંતુ

સિંહ કબૂલ થયો નહિ, ત્યારે એક માંસના પિંડની માફક પોતાના દેહને, સિંહની સમીપમાં અર્પણ કર્યો. કેવી નિર્મોહ ભાવના! એક ચક્રવર્તિ રાજા, ગાયને બચાવવા માટે પોતાના શરીરનું બલિદાન આપવા તૈયાર થાય છે, પોતાના પ્રાણની પણ દરકાર કરતો નથી. આજે ગૌરક્ષા માટે, પોતાના પ્રિય પ્રાણનો ભોગ આપનાર કેટલા બહાદુર ગોભક્તો મળી આવે? તે વિચારવા જેવો પ્રશ્ન છે. માયા સમેટાઇ ગઇ, સિંહ વગેરે એક ક્ષણ પછી, ત્યાં કંઇ હતું જ નહિ, દિલીપ રાજા કસોટીમાંથી પસાર થયા અને ભગવતી નંદિનીએ મનુષ્યવાણીથી તેને આશિર્વાદ આપ્યો, પરિણામે તેમને ત્યાં રઘુ નામે પુત્ર થયા. પુત્ર માટે તલસતા શ્રીમન્તો અને રાજા મહારાજાઓ માટે, ગૌસેવાથીજ સર્વ કામનાઓ પ્રાપ્ત થાય છે. ગાય એજ સર્વ કામોને આપનારી સાક્ષાત્ ભગવતી કામદુધા છે એ વાત સિદ્ધ કરવા માટે, આનાથી વધારે શ્રેષ્ઠ, બીજું કયું ઉદાહરણ હોઇ શકે?

સર્વ કામદુધા ભગવતી નંદિનીની પ્રસાદીથી પ્રાપ્ત થયેલા આ રઘુરાજા પણ કંઇ ઓછા પ્રતાપી નહતા, તેમનાં યશ, શૌર્ય અને પ્રતાપનાં ઘણાં ગુણગાન, મહાભારત તથા વાલ્મિક રામાયણ તથા અન્યત્ર ભરપૂર છે તેમાંથી કવિ કુલગુરુ કાલિદાસે લીધેલા એક પ્રસંગનીજ અહીં સમીક્ષા કરવામાં આવશે, જેથી તેના પ્રતાપનું રહસ્ય સમજાઇ જશે.

આગળના વખતમાં "यज्ञो वैविष्णु: યજ્ઞ જ જગત્ રક્ષક ભગવાન્ શ્રી વિષ્ણુ છે" એવી ભાવના હતી, અગ્નિની ઉપાસનાથી કેટલા બધા લાભ છે, અગ્નિહોત્ર આપણો મુખ્ય ધર્મ છે. ઇત્યાદિની મીમાંસા અહીં કરવામાં આવે, તો વિષયાંતર અને વિસ્તારનો ભય રહે છે, તેથી અહીં એટલુંજ માત્ર બસ થશે, કે ભુતકાળમાં

રાજાઓ યજ્ઞયાગાદિ ક્રિયાઓ નિરંતર મોટા પ્રમાણમાં કરતા હતા, તેમાં તેમની સર્વ રાજ્ય સંપત્તિનો પણ મોહ ન રાખતાં તે ખર્ચી દેતા; એક વખત રઘુરાજાએ પણ એવોજ કોઇ મહાન્ યજ્ઞ કર્યો હતો અને પોતાની સર્વ સમૃદ્ધિ તેમાં ખર્ચી દીધી હતી; તે ત્યાં સુધી કે પૂજા કરવાનાં સોના ચાંદીનાં વાસણોને બદલે માત્ર માટીનાં વાસણો તેમના ઘરમાં રહ્યાં હતાં. ત્યાર પછી થોડાજ દિવસોમાં એક કૌત્સ નામના ઋષિ, ગુરુદક્ષિણામાં આપવા માટે ચૌદ કરોડ સોના-મહોર લેવાની ઇચ્છાથી રઘુરાજા પાસે આવ્યા પોતાનો ભંડાર ખાલી હતો, છતાં માત્ર ત્રણ દિવસનો વાયદો આપી, રાજાએ બ્રાહ્મણને પોતાને ત્યાં રાખ્યા. તુરતમાં ધન મેળવવા માટે બીજો કોઇ રસ્તો ન હતો, તેથી બીજે દિવસે સવારે કુબેર ઉપર ચડાઇ કરી, તેની પાસેથી દ્રવ્ય મેળવવાનો રાજાએ નિશ્ચય કરી લીધો. વહેલી સવારે રથ તૈયાર કરી લાવવાની સારથિને આજ્ઞા આપી દીધી. બીજા દિવસની સવાર થાય અને પ્રતાપી રઘુરાજા કુબેર પર ચડાઇ કરે તે પહેલાંજ :—

"हिरण्मयीं कोशगृहस्य मध्ये वृष्टिं शशंसुः पतितां नभस्तः ભંડારના પહેરેગિરોએ આકાશમાંથી ભંડારમાં પડતી સોનામહોરોની વૃષ્ટિના ખબર રાજાને આપ્યા."

સદ્‌ગૃહસ્થો ! રઘુરાજાનું આ કેટલું બધું આત્મબળ અને પ્રતાપ ! સાક્ષાત્ કુબેરે પણ તેમના પરિશ્રમથી પહેલાંજ કામ પતાવી દીધું. દેવતાઓ પણ જેનું સન્માન કરે છે. એવા પ્રતાપથી સૂર્યવંશના તે પછીના રાજાઓ પોતાને "રઘુવંશી" કહેવડાવવા લાગ્યા. આવા પ્રતાપી પિતાના પુત્ર કહેવડાવવાનું કોને ન ગમે ? રઘુરાજાનાં ચરિત્રમાં રહેલી દૃઢ બ્રાહ્મણ ભક્તિ, ધર્મપાલન તથા

દિવ્ય અધ્યાત્મબળના પ્રતાપે અઘટિત જેવી ઘટના પણ બનવા પામી હતી. એ રઘુરાજાના અજ નામે પુત્ર થયા, અજના દશરથ અને દશરથના ભગવાન્ શ્રી રામચન્દ્ર થયા. તેમના પુત્ર લવ તથા લવના વંશજો લોહાણા થયા. એ પ્રમાણે સૂર્યવંશ, રઘુવંશ કે લવવંશમાં ગૌબ્રાહ્મણ પ્રતિપાલનની ભાવના કેટલી પ્રબલ હતી અને એ ભાવના પરંપરાગત વારસામાં ઉતરતી આવી, એ ઉપરનાં બે દૃષ્ટાન્તોથી પ્રત્યક્ષ થાય છે.

એજ પરંપરાગત ભાવનાથી બારમાં સૈકાની આખરે સિંધમાં દામાજી નામે લોહરવંશના રાજાના પુત્ર વીર જશરાજે ગૌપાલન માટે પોતાના પ્રાણનો લગ્ન સમયે ભોગ આપ્યો. આ પ્રસંગ બાયલાને પણ વીર જવાંમર્દ બનાવે તેવો છે, નાશવંત અને મિથ્યા સંસારમાં કર્તવ્ય માટે મનુષ્યે કેટલો બધો ભોગ આપવો જોઇએ, તેનું પ્રત્યક્ષ દ્રષ્ટાન્ત પૂરું પાડે છે. બેલાના રાજાની કુમારી સાથે લગ્નમંડપમાં વીર જશરાજનાં લગ્નનો વિધિ થાય છે, ચાર અગ્નિ પ્રદક્ષિણા કરવી જોઇએ. તેમાંથી બે તો પતી ગઇ છે અને "ગાયોને બચાવો" એ શબ્દ સાંભળતાં જ વીર જશરાજ, લગ્નકાર્ય અપૂર્ણ છોડી, રણમેદાનમાં ચાલ્યા જાય છે. આ કંઇ સાધારણ ત્યાગની વાત નથી. લગ્નમંડપમાં બેઠેલા વરકન્યાનાં હૃદયમાં કેટલા બધા આનંદો, કેટલી ઉર્મિઓ, અભિલાષાઓ અને પ્રેરણાઓનાં પૂર વહેતાં હોય છે તે વખતે કર્તવ્યપાલન માટે આવો અપૂર્વ આત્મોત્સર્ગ કરનાર વીરનર, જે જાતિમાં જન્મ્યો હોય, તે સમસ્ત જાતિ ધન્યવાદને પાત્ર છે, એવા વીરનર માટે આખું ભારતવર્ષ ગૌરવ લઇ શકે તો પછી જેમના એ પૂર્વજ હતા, એવી, લોહાણા જ્ઞાતિ ગૌરવ લ્યે, તેમાં શી નવાઇ?

એવા વીરોની પૂજા પ્રાચીનકાલથી ભારતવર્ષમાં થતી આવી છે. આજે થાય છે અને ભવિષ્યમાં પણ થશે. એવા વીરની સ્મૃતિ તાજી કરવા, તેના પ્રત્યે પોતાના અત્યંત સન્માનની લાગણી બતાવવા અને પોતે પણ કર્તવ્યની દીક્ષા લેવા માટેજ લોહાણા જ્ઞાતિમાં લગ્નપ્રસંગે વરને સફેદ પાઘડી ધારણ કરાવવામાં આવે છે.

એવા વીરનરનાં જીવનમાંથી ભૂતદયા, સનાતન ધર્મ માટેનો તેનો પ્રેમ, ગૌબ્રાહ્મણનું પાલન અર્થાત્ પોતાની સંસ્કૃતિનાં મુખ્ય એ અંગોનું રક્ષણ કરવાની ધગશ, સાચી શૂરવીરતા, એકવચન, સત્ય, ન્યાય અને અપૂર્વ ત્યાગ, વિગેરે ઘણાજ સદ્ગુણોનો બોધ, આપણે પણ મેળવી શકીએ. એમને પગલે પગલે ચાલીને, આપણે પણ આપણા જીવનને ધન્ય બનાવી શકીએ અને પરાધીન ગૌમાતા તથા ભારતમાતાની ક્ષાત્રધર્મથી, અનન્ય સેવા બજાવી શકીએ.

ક્ષાત્રધર્મ સિવાય જગતની રક્ષા થતી નથી. "अहिंसा परमो धर्मः" એ સૂત્ર, ઋષિ મુનિઓ માટે મહત્ત્વનું છે, પરંતુ જગત્ રક્ષા તથા રાજકારણમાં અહિંસાથી કંઇ દહાડો વળે તેમ નથી. એ વિષયમાં ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્ર, અર્જુનદ્વારા, આખા જગતને વાસ્તવિક સદ્બોધ આપે છે:—

हतो वा पाप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम्।

तथा

सुखिनः क्षत्रियाः पार्थ लभन्ते युद्धमीदृशम् ।

હે અર્જુન ! આ યુદ્ધમાં તું હણાઇ જઇશ, તો સ્વર્ગ મળશે અને જીતીશ, તો સમસ્ત પૃથ્વીનું રાજ્ય ભોગવીશ. ભાગ્યશાળી ક્ષત્રિયોજ આવાં યુધ્ધોને પ્રાપ્ત કરી શકે છે. ઇત્યાદિ"

આ નાટકમાં કવિજીએ ક્ષાત્રધર્મ, ગૌબ્રાહ્મણ માટે ક્ષત્રિયોની જ્વલન્ત ભાવના, સારસ્વતો તથા લોહાણા જ્ઞાતિનો સહકાર પ્રાચીન કાલમાં પણ કેટલો સુદૃઢ હતો તે સિંધુશર્માના દૃષ્ટાન્તથી ભૂતદયા, પ્રાણી માત્ર પર સમભાવ રાખવો—ઉચ્ચ નીચનો ભેદ તથા ગરીબ શ્રીમન્તનો ભેદ ન જોઇએ, તે ભાવના, ગરીબોની વ્હારે દોડવાની આવશ્યકતા તથા હિન્દુ મુસ્લીમ જાતિની પરસ્પર શુભ ભાવનાની ઐકયતા વિગેરે પ્રસંગો બહુજ આકર્ષક, સુંદર અને સચોટ ભાવના-પૂર્વક, પ્રયોગ તથા સંવાદ દ્વારા રજૂ કર્યા છે. તે બદલ તેમને અભિનંદન ઘટે છે. નાટકમાં સાધારણ રમુજ માટે ફારસ જોઇએ. તે પણ ગમ્મત સાથે જ્ઞાન આપનાર, સનાતન ધર્મની ચારિત્ર્ય તથા ધર્મ વિષયક ભાવનાઓ પોષે છે. માસ્તર ભૂલ કરીને તુરત પશ્ચાતાપ કરે છે. વિગેરે પ્રસંગોથી ચારિત્ર્યના ઉંચ્ચ આદર્શોજ રજૂ કરવામાં આવ્યા છે આ નાટક જોવાથી નાટ્ય રસિકોને ઘણોજ આનંદ મળશે તેમજ જિજ્ઞાસુ જનતાને શૌર્ય, વીરતા, ગૌપાલન, ધર્મપાલન, ભારતની વિવિધ જાતિઓ વચ્ચે પરસ્પર ભાવનાની ઐકયતા, તથા ચારિત્ર્યના ઉંચા બોધ પાઠો મળી રહેશે.

પરમ કૃપાળુ, સર્વ અંતઃકરણ અને બુદ્ધિના સાક્ષી રૂપ ભગવાન્ શ્રી રામચન્દ્રનાં ચરણોમાં "લોહાણા જ્ઞાતિમાં ગૌપાલન તથા બ્રાહ્મણ રક્ષણની ભાવના પ્રાચીન કાલના જેવી દૃઢ બને, તથા લોહાણા જ્ઞાતિ અસલની લડાયક અને વીર પ્રજા બને, ભારત વર્ષના કતલ થતા ગૌધનને બચાવવામાં, તે પોતાનો સક્રિય ફાળો આપી, ઘેરઘેર ઓછામાં ઓછી એક એક ગાયની સેવા કરતી થઇ જાય, તથા આ નાટક દરેક રીતે સફલ થાય." એ પ્રાર્થના કરૂં છું.

આ નાટક ભારતવર્ષની દરેક જાતિએ અવશ્ય જોવા લાયક છે. ઉચ્ચભાવ તથા વીર, હાસ્ય, શ્રૃંગાર ઇત્યાદિ નાટકમાં જોઇતા સર્વ શ્રેષ્ઠ રસોથી ભરપૂર છે. લોહાણા જ્ઞાતિનાં નાનાં બાળકથી લઇને વૃધ્ધ પર્યન્ત દરેકે આ ઐતિહાસિક નાટક અવશ્ય જોવો જોઇએ, કારણ કે આ નાટકમાં લોહાણા જ્ઞાતિનું ગૌરવ શબ્દે શબ્દમાં ભરેલું છે. લોહાણા જ્ઞાતિમાં આજ દિવસ સુધી ઘણા સાક્ષરો, કવિઓ તથા વિદ્વાનો થઇ ગયા છે, પરંતુ કોઇએ પણ લોહાણા જ્ઞાતિના વીરજશરાજ જેવા વીરનરને પ્રકાશમાં લાવવા, આવી રીતનો પ્રયાસ કદિ પણ કર્યો નથી, તેથી આવો ઐતિહાસિક નાટ્યપ્રયોગ જેમાં ક્ષાત્રધર્મ તથા ગોપાલનની ભાવના આરંભથી અંત સુધી રસિક રીતે ઓતપ્રોત થયેલો છે, તે લોહાણા જ્ઞાતિ તરફથી વધુમાં વધુ ઉત્તેજનને પાત્ર છે. इत्यलमिति विस्तरेण ।

મુંબઇ, સં. ૧૯૯૫ }
માર્ગશીર્ષ શુકલ ૧૧, }

માનવીઓનાં ચારિત્ર્ય અને સંસ્કારના ઘડતરમાં ઇતિહાસ ઘણોજ અગત્યનો ભાગ ભજવે છે. ઇતિહાસદ્વારા મનુષ્યોને નુતન પ્રેરણાઓ મળી શકે છે. આ હેતુથી શાળાઓ અને કોલેજોમાં ઇતિહાસનું શિક્ષણ ફરજીયાત અપાય છે. ઇતિહાસના શિક્ષણમાં નાટયપ્રયોગ અદ્દભુત કાર્ય કરે છે. શિક્ષણના ઉપરોક્ત સિદ્ધાંતાનુસાર નાટકો ભજવવાની પ્રથા દાખલ થઇ છે. હાલ નાટકોની સાથે સીનેમાએ પણ આ દિશામાં બહોળી પ્રગતિ કરી છે. દરેકનો અતિરેક લાભને બદલે નુકસાનકારક નીવડે છે. તે ન્યાયે હાલનાં નાટકો અને સીનેમાઓમાં કેટલીક વખત એવી વસ્તુઓ રજુ થાય છે કે તેથી માણસોનાં ચારિત્ર્ય અને સંસ્કારમાં લાભને બદલે નુકશાન થવાનો સંભવ વધારે રહે છે. પણ મોહન-લાલ વીઠલદાસ કારીઆએ આ વીર જશરાજનું નાટક નિર્દોષ ગમત અને આનંદની સાથે જીવનમાં ઉપયોગી એવી પ્રેરણાઓ માનવીઓ મેળવી શકે. અને પોતાના જીવનને ઉચ્ચ કોટીનું બનાવવામાં માર્ગદર્શન મેળવી શકે એવા શુભ આશયને દષ્ટિ સમક્ષ રાખી, બહુજ સંભાળપુર્વક લખ્યું છે. પાત્રોની પસંદગી વસ્તુ સંકલના અને ભાષા, તાદ્રસ્ય ખ્યાલ ખડો કરી શકે તેવાં છે. વીર જસરાજની વીરતા, ઉદારતા, રસીકતા અને ધાર્મીકતાનાં દ્રષ્યો પ્રેક્ષકોને ઘણાજ આકર્ષક અને બોધક છે. તેમજ તેનાં આત્મભોગ આપવાનાં દ્રષ્યો આ નૂતન યુગમાં આધુનિક યુવાનોને પ્રેરણાત્મક અને માર્ગદર્શક થાય તેવાં સચોટ છે. તે જમાનામાં ગૌમાતાનું રક્ષણ આવસ્યક હતું. કારણ કે આપણો દેશ સ્વતંત્ર હતો. પણ દેશ ખેતી પ્રધાન હોવાથી ખેતીનો આધાર તેમજ દુધ, દહી, ઘી, માખણ, ઇત્યાદી પૌષ્ટિક ખોરાકો દ્વારા મનુષ્ય શક્તિનો આધાર ગામાતાઓ ઉપરજ હતો. તેથી દેશને તે વખતે જેની ખાસ

આવશ્યકતા હતી તેવી ગૌમાતાઓના સંરક્ષણુ માટે વીર જશરાજે પોતાનો પ્રાણુર્પણુ કરી દેશને જે વખતે જેની જરૂર હોય તેના ખાતર પ્રણુર્પણુ કરવાનો પોતાની પાછળ મૂકી ગએલ આદેશ ઝીલવાની પ્રેરણા આ નાટકનાં પેક્ષકોને મળ્યા વગર રહે તેમ નથી. આખું નાટક વીર રસથી ભરપુર છે, છતાં કવિ મોહનલાલે શંગાર, હાસ્ય, કરૂણાદિક બધા રસોનું પ્રસંગાનુસાર એવું સરસ મિશ્રણ કર્યું છે તેમજ એવી તો રસીકતા પુરી છે કે આ નાટકની વસ્તુ જનતાને ઘણીજ પસંદનિય નીવડશે.

વીર જશરાજ લોહાણા હતા, તેથી દરેકે દરેક લોહાણાએ પોતાના આવા બહાદુર પૂર્વજની યશગાથા વીરપુજાના કાર્યમાં સાહિત્ય સહકાર આપવો એ આવશ્યક ફરજ છે. પણ **गुणा पूज्ञास्थानम, नच्च लिंगम् नच्च वय** ॥ એ ન્યાયે વીર જશરાજની અંદર જે મહાન સદ્દગુણો હતા તે તથા તેની વીરતા અને આત્મભોગ આપવાનો અસાધારણુ શકિતનું નિરક્ષણુ કરી, વીર પુજન કરવું અને પ્રેરણાઓ મેળવવી એ આધુનિક યુગમાં માતૃભૂમિની મુકિતને માટે ચાલી રહેલા ધર્મયુધ્ધોના વખતે દરેકે દરેક દેશજનને લાભદાયી નીવડે તેમ છે.

કલ્યાણજી કાનજી માસ્તર.

મોહનલાલ ભીમજી વણઝારા.

---:o:---

: : નિવેદન : :

મનુષ્યના સંસ્કાર એજ માનવજીવનનું પ્રતિબિંબ, જીંદગી એટલે જીવવાની કડાકુટ, મહાત્મા ગાંધીજી લખે છે કે "સંસારમાં જન્મવું એ પણ પાપ છે, છતાં જન્મ્યા તો જીવનનું સાર્થક કરવું જોઇએ.

કવી અને ચિત્રકાર આ બે પ્રભુના સંદેશવાહક દૈવિ આત્માઓ છે. જયાં ન પહોંચે રવી ત્યાં પહોંચે કવી આ વાકય ખરા કવીને લાગુ પડે છે. ખરો કવી કોણ ? એ ચર્ચા અહીં અસ્થાને છતાં જીવનમાં નવચેતનતા લાવે એજ ખરો કવી.

હું કવી છું કે કેમ ? તેની મને ખબર નથી. છતાં મને ઓળખનારા કવી તરીકે મને સંબોધે છે. એ પણ ખરૂં કે

शैले शैले न माणिक्कम्, मौक्तिक्कम् न गजे गजे,
साधुओ न सर्वत्र, चंदनम् न वने वने.

પથ્થરે પથરે માણેક થતા નથી. દરેક હાથીને મુકતાફળ હોતા નથી, દરેક સાધુઓ ખરા નથી અને દરેક જંગલમાં ચંદનના વૃક્ષો ઉગતા નથી.

આ નાટક રઘુવંશી કુળદીપક "વીર જશરાજ"નો છે.

જનની જણ તો ભક્ત જણ, કાં દાતા કાં શૂર,
નહિતર રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.

ઉપર લખ્યા પ્રમાણે વીર જશરાજ કુમાર મહાન ભક્ત, મહાન દાતાર, અને મહાન વીર હતા. ધર્મ ધુરંધર ખરા રઘુવંશી

દેવાંશી ગૌમાતાના સાચા ઉપાસક હતા. લગ્ન અધરા મૂકી ગૌરક્ષા માટે તેણે રણમેદાનમાં દેહની આહુતી આપી અમર નામ મુકયું છે.

લગ્ન અધૂરા મૂકીને, ગૌની કીધી વ્હાર,
બળીદાન દઈ દેહનું, વરતાવ્યો જયકાર.

ભારતવર્ષના ઇતિહાસમાં અધૂરા લગ્ન મૂકી ધર્મ માટે મરી ફીટનાર બેજ મહાન વિભુતીઓ છે. પ્રથમ રઘુવંશી વીર જશરાજ અને બીજા મહારાષ્ટ્રના નર કેશરી વીર શીવાજીના ગુરૂ રામદાસ સ્વામિ.

વીર જશરાજનું નાટક લખનાર હું પામર પ્રાણી કોણ માત્ર? છતાં આ દેવાંશી નરમણીની જીવન પુલવાડીમાંથી ફક્ત એકજ કલીકા તોડી મેં આ નાટક લખ્યો છે. જશરાજદાદાની ખરી કથા હજુ બરાબર મળતી નથી. રઘુવંશી કોમનો આ પ્રથમ ઐતિહાસીક નાટક છે. હું રઘુવંશી છું તેથીજ મેં રઘુવંશી નાટક સમાજ નામ રાખ્યું છે. આ ખેલ રઘુવંશી કોમનો હોવાથી પ્રથમ કોમના વિદ્વાન મહાશયોને વંચાવી પછીજ સ્ટેજ પર રજુ કરવો એ મારી ફરજ હતી. એ ફરજ મેં અમુક અંશે બજાવી છે.

આ ખેલ પ્રથમ મેં રણજીત નાટક સમાજના મરહુમ માલીક શ્રીયુત શંકરલાલ મણીશંકર ગોવિંદજી બી. એ. (આંતકનિગ્રહવાળા) ને વંચાવ્યો. હું તે વખતે કચ્છમુદ્રામાં કંપની સાથે હતો. તેમને આ ખેલ ગમ્યો, દોલતસિંહ નામે જાડેજા ક્ષત્રી મળ્યા ફક્ત વીર જશરાજનું નામ લેતાજ તે ધુણવા લાગ્યા. કચ્છમાં ઘણા ગામોમાં વીર જશરાજના મંદિરો છે અને કચ્છી પ્રજા વીર જશરાજની પુજા કરે છે.

આ ખેલ વાંચી શ્રીયુત્ જ્ઞાતિરત્ન શેઠ માવજી ગોવિંદજી, રા. બા. મગનલાલ દલપતરામ ખખ્ખર જે. પી. શ્રીયુત વિદ્વવર્ય

પંડિત ધનજી મુરારજી પાંધી, માસ્તર કલ્યાણજી કાનજી, શેઠ મોહનલાલ ભીમજી વણઝારા, મરહુમ સાક્ષરરત્ન શંકરલાલભાઈ બી. એ. વિગેરે સેવાભાવી મહાશયોએ પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપી આ ખેલ માટે જે મત દર્શાવ્યો છે, તે માટે દરેક ગૃહસ્થનો હું આભાર માનું છું, આ ખેલ ઐતિહાસીક છે. છતાં કાલ્પનિક પ્રસંગો પણ અમુક ભાગે લેવા પડ્યા છે.

મુંબઈ જેવી નગરીમાં એક નવા ખેલને સ્ટેજ પર રજુ કરવો એ મહાભારત કામ છે. છતાં તદ્દન રામભરોસે દાદા જશરાજના દૈવિ નામ પર મરીશીટી મેં આ સાહસ માથે ઉઠાવ્યો છે. અત્યાર સુધી મને આ ખેલમાં બહુજ મુશીબતો નડી છે, છતાં પરમાત્માએ મને બચાવ્યો છે. છેવટે સુજ્ઞ બંધુઓ પાસે મારી એજ નમ્ર માગણી છે કે આ ખેલ આપને ઠીક લાગે તો દરેક રઘુવંશીબંધુ યોગ્ય ઉત્તેજન આપે. વીરપૂજન કરવું એ ભારતવર્ષનો મહાન ધર્મ છે. વીરજશરાજનું રઘુવંશી કોમ આજ પણ સ્મારક જાળવે છે, અને લગ્ન પ્રસંગે વરરાજા શ્વેત વસ્ત્ર શીરપર બાંધે છે. આ દેવાંશી કુળનો દાવો કરનારી રઘુવંશી કોમ આ નાટક નિહાળી તેમાંથી યોગ્ય સાર ગ્રહણ કરે અને વીરદાદા જસરાજનું સદા પૂજન કરે એવી પરમકૃપાળુ પરમાત્મા પાસે મારી પ્રાર્થના છે. કિંબહુના.

સચ્ચીદાનંદ હે પ્રભુ, માગું વારંવાર,
વીરજાત રઘુવંશનો, સદા કરો જયકાર.

લી. જ્ઞાતિ કૃપાભિલાષી,

કવી મોહનલાલ વિઠ્ઠલદાસ કારીઆ.

સંવત ૧૯૯૫.
માગસર સુદી પુર્ણિમા.

શ્રી રઘુવંશી નાટક સમાજ.

વીર જસરાજ નાટકના મુખ્ય પાત્રો

:: પુરૂષ પાત્ર ::

દામાવંત—નગરઠઠ્ઠાનો રાજા વીર જસરાજના પિતા.
જસરાજ—દામાવંતનો પુત્ર.
સિંધુશર્મા—વીર જસરાજનો સારસ્વત મિત્ર (પુરોહીત)
ધેનુમલ—સિંધમાં ધનાઢય ગણાતો શેઠ (બે બૈરીનો પતિ)
જલ્લાલુદ્દીન—સરહદનો સુબો.
પીરૂમલ—સિંધનો મશહુર જાગીરદાર બહારવટીઓ.
હજારીમલ—નગરઠઠ્ઠાની જેલનો હવાલદાર.
આસુમલ—ધેનુમલનો દત્તક લીધેલો પુત્ર.
બેલીરામ—મૂર્ખ પંડિત માસ્તર.
સરદાર—સરહદી લુટારાનો આગેવાન સરદાર.

:: સ્ત્રી પાત્રો ::

કપીલાદેવી—વીર જશરાજની ધર્મપત્ની.
ગુલશન—જલ્લાલુદીન સુબાની બેટી.
ભાગીરથી—અનાથ બ્રાહ્મણી.
ચંદ્રમુખી—ધેનુમલની નવી બૈરી.
પાલી—નિરાધાર ગરીબ સ્ત્રી.
બાલી—પાલીની છોકરી.
વીણા—કપીલાની મુખ્ય સાહેલી.

તે સીવાય, ગોર, પુજારી, નગરજનો, સૈનીકો, ચોર, વારાંગના વિગેરે.

સ્થળ—સિંધ. ... ... **સમય—ઇ. સ. ૧૨-૧૩**

"વીર જસરાજ"

નાટકનો ટુંક સાર.

અંક ૧ લો.

મંગળાચરણ અને વસ્તુ સુચન.

પ્રવેશ ૧ લો

હીંગળાજ માતાનું મંદિર. કપીલા દેવીનું સખીઓ સહ દર્શનાર્થે આગમન. ભગીરથીનું રકતપીતીયા બાળકને લઇ માતાને રૂધીરનું નૈવેદ ધરવા માટે આવવું. મા દીકરાનો કલ્પાંત. વીર જશરાજનું આગમન, પરોપકાર્થે પોતાનું રૂધીર કાઢી હીંગળાજ માતાને નૈવેદ ધરવું. રકતપીતીયા બાળકનો રોગ જવો ભગીરથીનો આશીર્વાદ. કપીલા તથા જશરાજનું મીલન

પ્રવેશ ૨ જો—જંગલ

સિંધના મશહુર બહારવટીઆનું વીરૂમલ્લ સાથે દ્રશ્ય—પોતાના ગરાસ માટે જશરાજ કુમારના રાજ્યની રૈયત પર જુલ્માટ. ગૌરક્ષાના સેવકોનું નીકળવું. પીરૂમલે તેના પર જુલ્મ કરવો સિંધુશર્માનું આગમન. બંનેની લડાઇ. પીરૂમલ તથા વીરૂમલનું નાસી જવું.

પ્રવેશ ૩ જો—રાજદરબાર

દામાજીનો રાજ દરબાર. વીર જશરાજના રાજ્યાભિષેકની તૈયારી. ભાગીરથીનું મરેલ છોકરાના શબ સાથે આગમન અને

પીરૂમલ લુંટારાએ છોકરાને મારી નાખ્યાની ફરીયાદ રજુ કરવી. જશરાજ કુમારે રાજ્યાભિષેક અટકાવવો. સિંધુશર્માનો પડકાર.

"સારસ્વતને રઘુ વંશ, એક વૃક્ષની ડાળી,
જો જો જગતની માંય, એક ભોજનની થાળી.
પૂર્વ જનોનો કોલ, સારસ્વતો આજે પાળે,
રઘુ વંશી પર આજ, સારસ્વતો જીવન ગાળે.
યજમાન ને ગોર બેઉનો, કુટુંબ સમવહેવાર છે,
સારસ્વત અને રઘુવંશનો, જગમાં સદા જયકાર છે.

પ્રવેશ ૪ થો—કોમીક

ચંદ્રમુખીનો બુઢ્ઢા ધણી માટે બળાપો, ઘેનુમલ શેઠનું આગમન, છોકરા માટે બળાપો. ચંદ્રમુખીની મીઠી ટકોર, ઘેનુમલનો પ્રત્યુતર અને સ્વપ્નામાં જોયેલા પુત્રની વાત. બંને સ્ત્રીઓ પાસે જાહેર કરવી હાસ્યવિનોદ.

પ્રવેશ ૫ મો—જંગલમાં ઝુંપડી.

પાલી તથા બાલી માદીકરીનું દશ્ય. પાલીનો અંતકાળ, બાલીનું રૂદન. સરહદના જીલ્લાલુદીન સુબાની બેટી ગુલશનનું પાલખીમાં નીકળવું. મૃત્યુ કાંઠે પડેલી પાલીને દીલાસો. પાલીનું મૃત્યુ. બાલીનું રૂદન. ગુલશનનું શાંતત્વ. લુંટારા વીરૂમલનું આગમન, ગુલશનનો પડકાર, સિંધુશર્માનું આગમન, બંનેની લડાઇ, સિંધુશર્માનું કેદ થવું.

પ્રવેશ ૬ ઠો—કોમીક.

ઘેનુમલ શેઠનો હાસ્યવિનોદી પ્રયત્નવાદ બંને સ્ત્રીઓનો હાર માટે કંકાસ ઘેનુમલનું વચ્ચે પડવું. હાસ્યવિનોદ.

પ્રવેશ ૭ મો—જંગલ.

પીરૂમલનું જંગલમાં દારૂમાં ચકચુર બનેલી હાલતમાં **દશ્ય** પીરૂમલે સિંધુશર્માને કેદી હાલતમાં હાજર કરવો. પીરૂમલનો **જુલ્મ** સિંધુશર્માનો અટળ સિધ્ધાંત. જસરાજનું આગમન, બંનેની લડાઇ, પીરૂમલનું પકડાવું.

ટેબ્લો.

અંક ૧ લો સમાપ્ત.

—:o:—

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો—રસ્તો.

ગુલશનનું બાલી સાથે નીકળવું. બાલીની નિર્દોષતા, ગૌમાતા માટે તેનો અનન્ય પ્રેમ, મૃત્યુ પામેલી માના માટે કલ્પાંત, જલ્લાલુદીન સુબાનું આગમન, ગુલશનને જોઇ આનંદ, બાલીની કાકલુદી માગણી અને જલ્લાલુદીન સુબાએ સૈનિક સાથે ગુલશનને તથા બાલીને રાજમાં પહોંચતી કરવા આજ્ઞા.

પ્રવેશ ૨ જો—હીંગળાજ માતાનું મંદિર.

કપીલા તથા સખીઓનો હીંગળાજ માતાનો ગરબો. ભકતોનું દર્શનાર્થે આગમન, કપીલાદેવીનો હાર ચોરાવો. પૂજારીએ વિભુતી છાંટી ચોરને ધ્રુજાવવો. પાછળથી પીરૂમલ તથા વીર જશરાજ કુમારનું આગમન. પીરૂમલનો બળાપો અને જશરાજ કુમારનો દીલાસો.

પ્રવેશ ૩ જો—કોમીક : ધેનુમલનો પ્રયત્નવાદ.

લડાઇના મેદાનમાં ખોટા બણગા ફુંકવા, ચંદ્રમુખીએ માસ્તર માટે શેઠ પાસે માગણી કરવી. મૂર્ખ પંડિત એલીરામ માસ્તરનું આગમન-મૂર્ખાઇનું પ્રદર્શન. નોકરી માટે આજીજી, ચંદ્રમુખીએ માસ્તરને નોકરીમાં રાખી લેવો.

પ્રવેશ ૪ થો—દરબાર.

પીરૂમલને કેદી હાલતમાં દરબારમાં લાવવો. ભાગીરથીનો કારમો કલ્પાંત અને પીરૂમલને ફીટકાર. પીરૂમલનો પસ્તાવો. ભાગીરથીને

મન, જશરાજના બોધથી પીરૂમલનો હૃદયપલટો અને જીંદગીમાં વે પછી પાપી પંથે ન ચઢવાની ભિષ્મપ્રતિજ્ઞા. ગોરનું લગ્ન ાટે આગમન, કુમકુમપત્રિકા વધાવવી અને જલ્લાલુદીન સુબાના નુચર મારફત આવેલ આમંત્રણનો યોગ્ય સત્કાર કરવા જવું.

વેશ ૫ મો—કોમીક.

ચંદ્રમુખી તથા પંડિત માસ્તરનો પ્રેમવિનોદ, ઘેનુમલ શેઠનું વગત આગમન પછી માસ્તરને પકડવો. પંડિતની મૂર્ખતાઇ, નુમલ શેઠે હડધૂત કરી પંડિતને કાઢી મૂકવો. પાછળથી ચંદ્રમુ-ખીને બોધ, બંનેનો વિનોદ.

વેશ ૬ ઠો—જલ્લાલુદીન સુબાની છાવણી.

બાલીને પરણાવવા માટે ગુલશનની મીઠી ટકોર, બાલીનો નર્દોષ જવાબ સુબા જલ્લાલુદીને જશરાજકુમારની પ્રશંસા કરવી ોર જશરાજનું આગમન. સુબાનું સ્વાગત, જશરાજકુમારે અસાર ંસારનો સુબા સાહેબને ખ્યાલ આપવો. જલ્લાલુદીને વીર જશરાજને ચન માગવા કહેવું. જશરાજકુમારે હિંદુ મુસલમાન ઐક્યતા મને હિંસા અટકાવવા માગણી કરવી. જલ્લાલુદીન સુબાનું હિંસા અટકાવવા ફરમાન. પોતાના લગ્નમાં હાજરી આપવા બેન ારીકે ગુલશનને આમંત્રણ આપવું અને બેન તરીકે પસલીનો ાર આપવો. સુબા સાહેબે તથા ગુલશને જશરાજકુમારનું આમં-ાણ સ્વીકારવું.

વેશ ૭ મો—પીરૂમલનું સાધુવેશે દૃશ્ય.

પીરૂમલનું આગમન, લુંટારાનો ધંધો છોડી દેવા વીરૂમલને ોધ, વીરૂમલનો જવાબ. અને વીર જશરાજના લગ્નમંડમાં ્વા બંનેની તૈયારી.

પ્રવેશ ૮ મો—લગ્નમંડપ.

જાનડીઓના ગીત, કપીલાદેવીની અમંગળ શંકા, વીર જશરાજ-કુમારે બે મંગળ ફેરા ફરવા કરવા—સરહદના વિધર્મીઓએ બેલા ગામના ગૌધનને વાળી જવાના નગરજનોના પોકાર, વીર જશરાજકુમારનું લગ્ન-મંડપમાં ચમકવું. સિંધુશર્માનો પડકાર અને સરહદના દુશ્મનોને પકડવા જવું. પાછળથી પીરૂમલ તથા વીરૂમલનું જવું. પુનઃ નગરજનોના કારમા પોકારો, વીર જશરાજકુમારે બાંધેલા છેડા છોડી જવા તયારી કરવી, દામાજીનો બોધ. જશરાજકુમારનો વીર જવાબ. કપીલાનું કારમું કલ્પાંત. શમશેરની ધારથી છેડાછેડી તોડી રણમેદાનમાં જવું. કપીલાનું રૂદન તથા મુર્છામાં પટકાવું.

ચંદ્ર વિનાની ચાંદનીને, ચમકવાના સ્થાન ક્યાં ?
વાસ વિનાના મીનને, વિશ્રાંતીના છે સ્થાન ક્યાં ?
સરોવર વિનાના હંસને, ઉભા રહેવાના સ્થાન ક્યાં ?
પ્રિયતમ વિનાની પ્રેમદાને, ધીરજ ધરવા સ્થાન ક્યાં ?

[મૂર્છા.]

ટેબ્લો.

——:o:——

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો

પીરૂમલ તથા વીરૂમલની રણમેદાન તરફ કુચ, બંનેની વીર ટેક. પીરૂમલની જશરાજ કુમાર પર મરી ફીટવાની અડગ વીર પ્રતિજ્ઞા.

પ્રવેશ ૨ જો—કોમીક

ચંદ્રમુખી તથા ઘેનુમલનો પુત્ર માટે સંવાદ. ભિખારી છોકરા આસુમલનું આગમન. ઘેનુમલની પૂછપરછ, આસુમલને દત્તક પુત્ર કરી લેવા ઘેનુમલનો વિચાર, ચંદ્રમુખીની સહાનુભુતિથી, આસુમલને દત્તક લેવો. છોકરાના પાસા પોબાર અને ઘેનુમલના પ્રયત્નવાદનો બેડો પાર આનંદ.

પ્રવેશ ૩ જો—રણમેદાન

સરહદના લુંટારૂ સરદાર તથા સાથે પીરૂમલ તથા વીરૂમલનું યુદ્ધ. સરહદની ટોળીના સરદાર હસ્તે પીરૂમલનું મૃત્યુ. વીર જશરાજનો પડકાર. યુદ્ધ જશરાજનું ઘાયલ થઇ પડવું. સિંધુશર્માનો પ્રશ્ચાતાપ વીરૂમલના હસ્તે સરહદી સરદાર લુંટારાનું મૃત્યુ, ઘાયલ થઇ પડવા છતાં વીર જશરાજનો વીર ધર્મ અને વીર પડકાર.

આ જગતના સૌ માનવીને, મરણુ એકજ વાર છે.
ગૌમાત કેરા નામ પર, મમ શીર આ તૈયાર છે.

ઘવાએલી હાલતમાં પુનઃ યુદ્ધ. જશરાજનું અંતિમ પડવું. સિંધુશર્માનો શોક. વીર જશરાજનો રઘુવંશી કોમ પ્રત્યે અંતિમ આદેશ.

રઘુવંશીની કોમમાં, જ્યારે લગ્નો થાય
સ્મારક મારૂં જાળવે, શ્વેત વસ્ત્ર બંધાય
પુજન કરશે માહરૂં, સરશે તેના કામ
સુખ સંપત્તિ બહુ આપશે, રઘુકુળ દીપકરામ.

પ્રવેશ ૪ થો—

દેવી કપીલાની સતી થવાની તૈયારી. નગરજનોની પુછપરછ. દેવીનો દૈવી સંદેશ. સિંધુશર્મા તથા ગુલશને કપીલાને કંઇ માગવા કહેવું. કપીલાના શબ્દો:—

ભવોભવના મુજ બંધનો, આજે તુટી જાઓ;
ઇચ્છા હે પ્રભુ તાહરી, આજે પુરી થાઓ.
દેવાંશી આ દેવને, પૂજે જે નરનાર,
સુખ સંપતિ તે પામશે, અંતે જયજયકાર.

દેવી કપીલાનું સતી થવું, અંતિમ શબ્દો:—

પરીબ્રહ્મ હે પરમાત્મા, મંગળ તારૂં ધામ;
આવું છું તુજ દ્વારમાં, રામ રામ મુખ રામ.

શાન્તિ ! શાન્તિ ! ! શાન્તિ ! ! !

——:૦:——

तत् सत् परमात्माने नमः

મંગળાચરણ.

૧

સુત્રધાર-બાળાઓ.

શ્રી રઘુનંદન જય જગસ્વામિ
ર ઘુકુળ દીપક હે બહુ નામી....ટે૦
ઘુ ટણ પડીએ હે જગત્રાતા,
વં દન કરીએ જય પિતુ માતા.
શી શુના કોડ પુરો સુખ ધામી....ટે૦

સ ચરાચર હે દયાળ
મા ગીએ શરણુ કૃપાળ
જ ય જય જગન્નાથ સ્વામિ
વંદીએ શીર નામી....ટે૦

૨

બાળાઓ—

ધર્મધુરંધર જાણુ, રઘુવંશી કુળદીપક ભાણુ,
અમે સૌ રઘુવંશીના બાળ....

ગૌમાતાની સેવા અણુમૂલ કીધી,
બળીદાન દઇ વાટ સ્વર્ગની લીધી,
ધન્ય વીર જશરાજ દેવાંશી,
ગૌ બ્રાહ્મણુ પ્રતિપાળ.... ....અમે૦
વીર પૂજન એ વીરમણીનું થાતું,
લગ્ન પ્રસંગે શ્વેતવસ્ત્ર બંધાતું,
અમર દેવ એ અમર ધામના
રઘુવંશીના પ્રાણુ.... ....અમે૦

૩

કપીલાદેવી—

મહામાયા ભજીએ, સૌ નમીએ
હીંગળાજ મા મંદિરીએ....ટે૦
મહાપાતકને હરનારી,
આશા સૌની પૂરનારી,
છો સુખદાય, છો વરદાય
અર્ચન સૌ કરીએ, મન ઠરીએ....ટે૦

— સાખી —

વીરલ ભૂમિ આ સિંધમાં, દેવી છે તુજ સ્થાન,
મનોરથ સૌના પુરતી, પરોક્ષ દઇ વરદાન.
ભક્તજનની સુખદાતા,
મંગળધામી જયમાતા.
કરજો સહાય પડીએ પાય.... ....ટે૦

૪

કપીલાદેવી—

સ્વપ્નામાં કાન્ત નીહાળ્યા, પ્રેમ પુષ્પથકી મેં વધાવ્યા
કુમ કુમથી ચોક પુરાવ્યા, મંદિરીઆ મેં સોહાવ્યા
ભાવભીના એ મનમોહનને, ભાવે ખુબ રીઝાવ્યા.
અંતરના શુદ્ધ ઉમળકાથી હૈડેથી ઝુલાવ્યા........
દિવ્ય દેવના દર્શન કરીને નરમણી ખુબ ખીલાવ્યા
કંઠે વરમાળા પધરાવી મોતીડે વધાવ્યા........

૫

કપીલા—રસીક વલ્લભ માહરા, જીવનસખા મમ પ્રાણ છો,
જન્મો જન્મના સારથી, અંતરતણા મુજ ભાણ છો.
મમ જીવન ધનના પ્રાણ, જીવન પાર ઉતારો,
લળી લળી લાગું હું પાય, અમીરસ રેલાવો.

જશરાજ–ચંદ્રવદની ચતુરા સંસ્કારી, ખરી તું વીરબાળા,
મીઠા બોલો છે તારા મધુરા હૃદય હરનારા.
કરૂં હર્ષે સ્વીકાર, સફળ જીવન સંસાર,
થઇ જીવન તારણહાર નૌકા પાર ઉતારો.

૬

સેવાસમાજ—

જન્મભૂમિ જયભારતી, કર્મભૂમિ સાર
એ બલીહારી માતા તારી, વિશ્વે તું વિખ્યાત

ધર્મ ધુરંધર તુજ ધરા, પ્રણામ વારંવાર
નંદનવન સમ ભુમિ રસાળી ધન્ય અમારી માત
હિંદુ મુસ્લીમ પારસી, સૌ તારા સંતાન
સંપી જંપી સેવા કરશું, જય જય હિંદુસ્તાન.

૭

ચંદ્રમુખી—

છું જોબનવંતી રસીક નવેલી—
નાજુકડી હું નાર........
અંગો અંગે ખીલ્યો મારા—
યૌવનનો આ બ્હાર........
વસ્ત્રાભુષણ ધરૂં રૂપાળાં
કંઠે મોતીની આ માળા
પાયે થાતો રૂમઝુમ મારા—
ઝાંઝરનો ઝણકાર........
બની ઠની હું મંદિર જાતી
ભલા ભલાને પાણી પાતી
બુઢ્ઢા સાથે પરણી મારો
ધુળ થયો અવતાર...............

૮

ઘેનુમલ—પ્યારી સ્વપ્નાની વાત કહું સાંભળો
દીન દયાળુએ દીકરો આપ્યો

વ્હાલ ધરી ધરી હૃદયે ચાંપ્યો
દીલડું ડોલી જાય.... ....ટેક

ચંદ્રમુખી–મુંગા મરી રહો કંથજી મારા રાખો હૃદયમાં સાન
સાંભળશે કોઇ વાત તમારી
કહેશે મીઠાની તાણુ.... ....ટેક

ઘેનુમલ—પુત્ર નિહાળ્યો ઝુલે ઝુલાવ્યો
ખુબ રમાડયો સાર
કહેતાં આનંદની રસધાર
મારા હૈયા કેરો એ હાર મુજને શોધી દે....

૯

જસરાજ—
અમે સૌ ભારતના સંતાન, સંપી રહેશું હિંદુસ્થાન—
અમે સૌ ભારતના સંતાન—

ગુલશાન—
એક વૃક્ષની બંને ડાળી, એક ભૂમિનું પીતા પાણી—
તારણહારો એક અમારો, રામ અને રહેમાન—

બાલી—
પાક કુરાનને મુસલીમો પઢતા, ગીતાજીને હિંદુ નમતા—
એક નાવના બધા પ્રવાસી, હિંદુ મુસલમાન—

૧૦

ચંદ્રમુખી—છોડ ગુમાની કુલટા નારી
અહિંથી ચાલી જા

જુની— કુળ ગોઝારણુ, છો અભીમાની
મુજથી અળગી થા

ચંદ્રમુખી—મુખ અહીંથી કર તું કાળું
મોજડીઓ તુજને મારૂં
....લે શીરપાવ

જુની— ....આપું દાવ....ટેક.

ઘેનુમલ— ફસાયો મુંઝાયો દયા પ્રભુ લાવ
ગરૂડે ચડીને, પ્રભુ વહેલો આવ.

——:o:——

અંક ૨ જો.

બાલી— ૧૧

માબાપની જોડી ન મળશે જુઓ જગતમાં ફરી ફરી,
નયનમાં અમીરસ ધારા, માબાપની છે ભરી ભરી.
નવ માસ ઉદર રાખી માતા, દુઃખ પામે ઘડી ઘડી,
પાળી પોષી મોટો કરશે, માતા દળણાં દળી દળી.
બાળવયમાં માબાપ મરશે, બાળ મરશે રડી રડી,
માબાપ કોઇના ના મરો, પ્રભુ પાસ માગું લળી લળી.

૧૨

કપીલાદેવી-સખીઓ—

આદ્યશક્તિ હીંગળાજ જોગમાયા રે,
જગ જનની પુનીત તુજ છાયા રે........ટેક૦
આદિ અનાદિ હે જુગદંબે માતા,
ચારે યુગોની તું ભાગ્ય વિધાતા.
ચોસઠ જોગણીમાં તારા પડછાયા રે........ટેક૦

— સાખી —

સ્તવન કરે જે તાહરૂં, દુઃખ દરીદ્રા જાય,
યક્ષ ભૈરવ વૈતાળ ભુત નામ લીધે દુર થાય.
સિદ્ધ તપસ્વી યોગી ભોગી દર્શન કરવા આવે,
સૂર્યવંશીના બારે કુળની કુળદેવી તું કહાવે,
બ્રહ્મા વિષ્ણુ મહેશે ગુણ ગાયા રે........ટેક૦

— સાખી —

સુરનર મુનીવર દેવ સૌ, સ્તવન કરે સુખકાર,
ત્રીગુણી માયાતણો, કોઇ ના પામે પાર.
ધન્ય ધન્ય હીંગળાજ મારી માવડી,
મન વાંચ્છીત ફળ દેનારી
તારી માનતા સફળ ફળનારી,
તુજ પર વારી વારી........ટેક૦

જશરાજ— ૧૩
ચેત મુસાફર માનવી, ભલાઇના કર કામ
અણમૂલ તક સૌ વહી જતી, ભજી લે ભાવે રામ
પ્રપંચી ખેલ છોડી દે, જીવનની જ્યોત જગાવી દે
હુંપદથી પ્રભુતા બહુ દુર છે, દયા ધર્મનું ખરૂં મૂળ છે
નામ પ્રભુનું લે.... ....ટેક.
મોહમયી આ જગના બારા
ખોલી જો તું ચક્ષુ તારા
ભલાઇ સાથે લે.... ....ટેક.

૧૪
ચંદ્રમુખી-ઘેનુમલ-બેલીરામ—
આનંદની ઉડે આજે રસધારા,
ચંદ્રમુખી—ભણેલા ગણેલા છે પંડિતજી સારા........ટેક.
ઘેનુમલ —મૂર્ખપણું તારૂં ના અહીંઆ બતાવજે,
સીધી રાહે શેઠાણીને ભણાવજે,

બેલીરામ—શીખવીશ હું ઉમંગે, રહીશ તમસંગે,
ઘેનુમલ —દીસે છે સૌ ભાવો મુહુર્તમાં અકારા........ટેક.

૧૫

જસરાજ—

જુઠી જગત જંજાળ, જગતની જુઠી આ જંજાળ,
મીથ્યા આળ પંપાળ જગતની જુઠી આ જંજાળ.
ખેલ ખલકનો આ સૌ ખોટો,
જીંદગી છે જળનો પરપોટો,
જ્ઞાની પણ અટવાય....જગતની જુઠી આ જંજાળ.

નભ મંડળની જેવી છાયા,
તેવી સમજવી આ જગમાયા,
વેદ પુરાણો એ ગાય....જગતની જુઠી આ જંજાળ.

૧૬

ચંદ્રમુખી—પ્રણય ભીના પ્રવાસી પ્રેમ પંથે ઝુકો,
તક મીઠી અણમૂલી પ્યારા ન ચુકો....ટેક.

ઘેનુમલ —ગોરી તું ગજગામીની, મીઠી તું બુલબુલ,
રસીક મનોહર સુંદરી, તુજ પર હું છું ડુલ....ટેક.

ચંદ્રમુખી—રસભોગી રસની કળી, રસઝરણી હું વેલ,
રજની રંગે ખેલજો, રમ્ય મનોહર છેલ,
અર્પી આલીંગન મીઠી યુવાની લુંટો....ટેક.

૧૭

બાળી—ગાય લાવોને મારી ગોતી રે,
ગોવાળીઆ ગાય લાવોને મારી ગોતી;
નંદના ગોવાળીઆ તમને ભળાવી'તી,
કેમ કહો છો ગાય નો'તીરે........ટેક.
સોના શીંગડા એને રૂપાની ખરીએ,
હીરલાની દોરીએ ગાય હોતી રે........ટેક.
ગોકળ જોયું ને વૃદ્રાવન જોયું,
જમના તીરે ગાય નોતી'રે........ટેક.

કપીલાદેવી— ૧૮

ચંદ્ર વિનાની ચાંદનીને, ચમકવાના સ્થાન ક્યાં?
વારી વિનાના મીનને, વિશ્રાંતિના છે સ્થાન ક્યાં?
સરોવર વિનાના હંસને, ઉભા રહેવાના સ્થાન ક્યાં?
પ્રિયતમ વિનાની પ્રેમદાને ધીરજ ધરવાના સ્થાન ક્યાં?

———:o:———

અંક ૩ જો.

૧૯

પોકારે ધર્મના ગ્રંથો, ગરીબી છે મહા બુરી
વાંચો ઇતિહાસના પાના, ગરીબી છે મહા બુરી
ગરીબી માન મુકાવે, ગરીબી ભાન ભુલાવે
ગરીબી દેહ વટલાવે, ગરીબી છે મહા બુરી
ગરીબના છે અશ્રુ છે ભેદી, પત્થર પણ નાખશે છેદી
ગરીબ સૌ જગતનો કેદી, ગરીબી છે મહા બુરી
ગરીબી વિષની વેલી, ગરીબીનું કોઇ ના બેલી
ગરીબની હાર છે છેલી, ગરીબી છે મહા બુરી

ચંદ્રમુખી-ચેનુમલ— ૨૦

આજે આનંદનો નહિ પાર, લીલા પ્રભુની અપરમપાર,

ચંદ્રમુખી—

સુંદર મનહર પુત્ર આપીને, કીધી પ્રભુએ વ્હાર;

ચેનુમલ—

પ્રયત્નવાદીનો આ જગમાં, બેડો અંતે પાર........ટેક.

આસુમલ—

પાયે લાગું હું વારંવાર પિતુ માતા,
છો દયાવંત સંસ્કારી દીલના દાતા.

ચંદ્રમુખી—

દીન દયાળ, લે તુજ ભાળ, સદા કરે પ્રભુ તુજ કલ્યાણ....ટેક.

કપીલાદેવી— ૨૧

હે જગતના પાલક પિતા, તુજ ચરણ માંહે સ્થાપજે,
મંગળ સદા તુજ ધામમાં, શાન્તિ સદા તું આપજે;
સંચીતના સૌ બંધનો, આ જીવનમાં પુરા થયા,
ઉરે ઉરે ૐકારના, મંત્રો દીલે ગુંજી રહ્યા;
પરિબ્રહ્મ હે પરમાત્મા, ઇચ્છા બધી પુરી કરો,
ભવોભવનાં પાતકો, આજે બધા મારા હરો.

શાન્તિ ! શાન્તિ ! શાન્તિ ! શાન્તિ !

સમાપ્ત.

આભાર દર્શન

આ "વીર જસરાજ" નાટકમાં મારે અનેક મુશ્કેલીઓમાંથી પસાર થવું પડયું છે, છતાં આવા બારીક સમયમાં રઘુવંશી સમાજમાં કામ કરતા બંધુઓ મારા પ્રત્યે જે લાગણી દર્શાવી રહ્યા છે તેનો આભાર માન્યા સિવાય હું રહી શકતો નથી. મુખ્યત્વે કરી ભાઇશ્રી ત્રીભોવનદાસ ગોરધનદાસ, સ્નેહિવર્ય બંધુ છગનલાલ પારડીવાલા હાસ્યરસીકબંધુ યુસુફ ઝવેરી પેનવાલા, ભાઇ સૂર્યશંકર, શ્રીયુત હરીવદનભાઇ, મરાઠી, અંજીકયપ્રકાશના સંચાલક ભાઇશ્રી મોતીલાલ રામકૃષ્ણ દાંડેકર, ભાઇશ્રી કમળાકર, ભાઇ વામન વડકે, ભાઇ મદન વીઠોબા સાવંત. બાલુભાઇ, ડોસાભાઇ, શીદીકભાઇ પટેલ, માસ્તર નરહરભાઇ, મુરબ્બી બંધુ ચુનીલાલભાઇ, ભાઇશ્રી બાપાલાલ, ભાઇ મહેન્દ્ર, જેશંકરભાઇ, કાસમભાઇ, હા. લોહાણા સેવા બમાજ તથા આ ખેલની શરૂઆત કરાવવામાં ભાઇશ્રી એમ. જે. ઠક્કરે જે સહકાર આપ્યો છે તે દરેક બંધુનો આભાર માનું છું પરમાત્મા સર્વનું શ્રેય કરે.

લી. કવી મોહનલાલ વિઠ્ઠલદાસ કારીઆ.

આ નાટકના સર્વ હક્ક પ્રયોજકે પોતાને સ્વાધીન રાખ્યા છે માટે તેમની રજા સિવાય કોઇએ છાપવું છપાવવું વેચવું વેચાવવું ભજવવું કે ભજવાવવું નહિ.

તીર્થયાત્રા વર્ણન

ભરત ખંડના ચારે પવિત્ર ધામોનું સવિસ્તર વર્ણન.

કિ. રૂ. ૩।। ટ. ખ. જુદુ.

સિંધના સિંહો

પ્રથમ વિભાગ

'ધના પ્રદેશના નૃપતિઓની વીરતા પ્રગટાવનારી તવારીખ.

કિ. રૂ. ૨. ટ. ખ. જુદુ.

સુંદર સોદાગર

ઐતિહાસિક કચ્છ કાઠીયાવાડની નવલકથા.

કિ. રૂ. ૨।. ટ. ખ. જુદુ.

મળવાનું ઠેકાણું:

કર્તા—મગનલાલ દલપતરામ ખખ્ખર.

સી. પી. ટેન્ક રોડ, મુંબઇ ૪

તથા જાણીતા બુકસેલરોને ત્યાંથી.

ાશક : કર્તા મોહનલાલ વિઠ્ઠલદાસ, રઘુવંશી નાટક સમાજ.
બાપુ ખોટે સ્ટ્રીટ, ઘર નં ૭૨. મુંબઇ

ક : જાદવજી પીતાંબર ઠક્કર, આનંદ પ્રિન્ટિંગ વર્ક્સ, દેવકરણ
મેન્શન, વિઠ્ઠલદાસ રોડ, મુંબઇ, ૨.

તહમારૂં સૌન્દર્ય તહમારા શીરપર છે.

સૌન્દર્યમાં વધારો કરતી ઉત્તમ પ્રકારની

ટોપીઓ.



અમારેત્યાં હાઇક્લાસ બનાટની ફોલ્ડીંગ કેપ, ઝવેરી કેપ, ફર કેપ તથા કાશ્મીરી ટોપીઓ જથ્થાબંધ તથા છુટક મળશે

ગુલાબદાસ એન્ડ કું૦

કાલબાદેવી રોડ, આર્ય નિવાસ સામે—મુંબઇ, ૨.

કેમ છો સાહેબ ?

આ તો વળી તનમન કુાં૦ની નવી નવીનતા.

તમારી ટોપીમાં તમારૂં નામ લખી આપવામાં આવશે.



સાથે સીલાઇમાં સર્વોત્તમ.

ટકાઉમાં અજોડ.

કીંમતમાં નજીવો એવી

(મનસુખ ટોપીઓ) તમારા ચહેરાને સુંદર દીપાવશે.

હ્યો સાહેબજી—લખી હ્યો અમારૂં ઠેકાણું

તનમન એન્ડ કુાં૦ (મનસુખ) ટોપીવાળા.

કાલબાદેવી રોડ, ભારતીય નીવાસની બાજુમાં.